# ગાંભોઈમાં ટ્રેક્ટર પલટી જતાં રોડ ઉપર ટ્રાફિક જામ

## વારંવાર ટ્રાફિક જામની સ્થિતિથી હાલાકી





બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૭

હિંમતનગર - શામળાજી હાઈવે માર્ગ ચોમાસામાં વાહન ચાલકો માટે યાતના માર્ગ બની રહ્યો છે. ગાંભોઇ માં વારંવાર ટ્રાફિક જામથી સ્થાનિક રહીશો અને વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે.ત્યાં રવિવારે ટ્રેકટર પલટી જતાં ત્રણ કી.મી.વાહનોની કતારો ખડકાઈ હતી.અસંખ્ય વાહન ચાલકો ટ્રાફિક માં અટવાયા હતા.

વાહનવ્યવહારની ધોરી નસ સમાન હિમતનગર - શામળાજી ફોરલેન હાઇવે નું સિક્સ લેન નું કામ ગોકળ ગાયની ગતી એ ચાલી રહ્યું છે.એજન્સી દ્વારા શરૂઆતમાં કામ ઝડપી ગતિથી કરવામાં આવ્યું હતું પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓ થી હાઈવે નું કામકાજ મંથર ગતિમાં ચાલી રહ્યું છે જેના કારણે વાહન ચાલકો મુશ્કેલી માં મૂકાય છે.તેમાંય ગાંભોઇ હાઈવે માર્ગ ના ખાડામાં વારંવાર વાહનો ફસાઈ જવા તેમજ ઉંધા પડવાના બનાવો થી ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ જતાં કાયમી હાલાકી થી વાહન ચાલકો તોબા પોકારી રહ્યા છે જેમાં ગત રોજ ફરી ગાંભોઇ માં ટ્રેકટર ઉંધુ વળવાથી ટ્રાફિક જામ થયો હતો.વાહનોની લાઈનો લાગી હતી .રોજ આ પ્રકારે ટ્રાફિક જામ થતો હોવાથી હાઈવે સંલગ્ન ગામો ની પ્રજા અને ખેડૂતો હેરાન પરેશાન છે.

# કાટવાડના તળાવમાં ડૂબી જતાં બેનાં મોત

## નાહવા જતાં મોત ભરખી ગયું

બાયડ,( બ્યુરો ઓફીસ) તા.૨૭

હિંમતનગર તાલુકાના કાટવાડ ગામે તળાવમાં નાહવા પડેલા બે સગીર ના ડૂબી જવાથી મોત નિપજતાં અરેરાટી વ્યાપી છે. ફાયબ્રિગેડ દ્વારા બન્ને મૃતકોની લાશો બહાર કાઢવામાં આવી ત્યારે પરિવાર જનોના કરુણ આક્રંદ થી વાતાવરણ ભારેખમ થઈ ગયું હતું.બનાવ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે તપાસ શરૂ કરી છે.



ચોમાસાની સિઝનમાં તળાવો હવે જળતરબોળ બાની જતાં ડૂબી જવાના બનાવ શરૂ થયા છે.હિંમતનગરના કાટવાડ ગામના સમીર નાસીર હુસેન સૈયદ( ઉ.૧૭) અને રૂહિજી ભરત સિંહ જાલા ( ઉ.૧૫) તા.૨૬ ના રોજ ગામના સીમાડામાં આવેલા કુંભારીયા તળાવમાં નાહવા માટે ગયા હતા.જ્યાં તળાવના પાણી માં ઉતર્યા પછી બન્ને ઉંડા ખાડામાં ગરક થઈ જતાં ડૂબી મોતને ભેટ્યા હતા.તળાવમાં ડૂબેલા સગીરોને બચાવવા માટે ફાયર ફાઈટર બોલાવવામાં આવ્યું હતું પરંતુ તળાવના ઉંડા પાણી માં બન્ને ડૂબી ગયા હોવાથી કલાકોની મહેનત પછી મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતાં તળાવ કિનારે મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા.બનાવ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે ભરતસિંહ જાલાની ખબર ના આધારે નોધ લઈ ધોરણસરની કાર્યવાહી હાથધરી છે.

# જન્મદિને વધામણી



નિલેશ પરમાર
નિલેશ ટી સ્ટોલ
બાયડ



નિકુંજ પટેલ
રડોદરાં. તા. બાયાડ



જયદીપસિંહ ડી.ભાટી
આચાર્ય, આકુંદ હાઈસ્કૂલ
બાયડ જી. અરવલ્લી

# ટીંટોઈમાં ગાયત્રી પરિવાર દ્વારા એક સાથે ૬૭ ઘરોમાં ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો

મોડાસા તા.૨૭

કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં માનવતાની સેવામાં સંવેદના સાથે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા સંભવતઃ સહાયરૂપ બનવા પ્રયત્નશીલ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયત્રી યજ્ઞ એ આધ્યાત્મિક સ્તરે પણ વૈજ્ઞાનિક રીતે સમગ્ર વાતાવરણ શુદ્ધિકરણ માટે સેનેટાઈઝ કરવા માટે શ્રેષ્ઠ ઉપાય છે. હાલની પરિસ્થિતિ ગામ સમસ્ત સામુહિક યજ્ઞ આયોજન કરવા સામુહિક સ્વાસ્થ્યની સુરક્ષાને જોતા યોગ્ય નથી. જેથી ગાયત્રી પરિવાર દ્વારા ટીંટોઈ ખાતે તા. ૨૬ સપ્ટેમ્બર, રવિવારે એક જ દિવસે એક સમયે અલગ અલગ સડસઠ (૬૭) ઘરોમાં ગાયત્રી યજ્ઞનું વિશેષ આયોજન કરવામાં આવ્યું. જેથી આ સડસઠ ઘરોમાં યજ્ઞમાં ઔષધીય જડીબુટ્ટીઓ યુક્ત બનાવેલ હવન સામગ્રીની આહુતિ આપવામાં આવી. આ ઔષધિ યુક્ત યજ્ઞિય વાયુના વાતાવરણથી સમગ્ર ટીંટોઈ યજ્ઞમય બની ગયું. સાથે સાથે આ ઘરોમાં યજ્ઞની પૂર્ણાહુતિમાં યજમાનોએ પોતાના જીવનમાં કુરિવાજો, વ્યસનોથી દૂર રહેવા તથા સત્પ્રવૃતિઓ, સદ્વિચારો સાથે જોડાવા સંકલ્પ લેવામાં આવ્યા. આ સમગ્ર યજ્ઞ આંદોલન નિઃશુલ્ક રાખવામાં આવેલ. આ દરેક ઘેર યજ્ઞની તમામ સામગ્રી સહિત સત્સાહિત્ય પણ ગાયત્રી પરિવાર દ્વારા આ દરેક ઘેર નિઃશુલ્ક આપવામાં આવ્યું. આ યજ્ઞ આંદોલન સફળ બનાવવા દરેક ઘેર યજ્ઞ કર્મકાંડ માટે અરવલ્લી જીલ્લાના મોડાસા, ભિલોડા, બાયડ, મેઘરજ, માલપુર, ધનસુરા તાલુકા તેમજ સાબરકાંઠા જિલ્લામાંથી પણ હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, વડાલી, પ્રાંતિજ તાલુકાઓમાંથી ગાયત્રી પરિવારના સાધકો આ ટીંટોઈ ખાતે આવીને ગૃહે ગૃહે યજ્ઞ કરવા પુરોહિતની ભૂમિકા નિભાવી.



ગાયત્રી પરિવાર અરવલ્લી જીલ્લા સંયોજક હરેશભાઈ કંસારા એ ઉપરોક્ત માહિતી આપતાં જણાવ્યું કે આ સમગ્ર આયોજનમાં અમૃતભાઈ પટેલ, રેવાસ ના નેતૃત્વમાં આયોજન કરવામાં આવ્યું. ટીંટોઈ ખાતેના ગાયત્રી સાધકો દ્વારા તેમજ અરવલ્લી અને સાબરકાંઠા બંને જીલ્લાના ગાયત્રી સાધક ભાઈઓ બહેનો એ આ સમગ્ર આયોજન સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# પ્રાંતિજના પોગલુ ખાતે તલાટીનો વિદાય તથા નવા તલાટીનો સત્કાર સમારંભ યોજાયો

## સંરપચ સભ્યો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા : ગ્રામજનો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા





પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજતાલુકાના પોગલુ ગ્રામ પંચાયતના તલાટીનો વિદાય સમારંભ તથા નવા તલાટી નો સત્કાર સમારંભ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ ના પોગલુ ખાતે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી નયનાબેન પ્રજાપતિની બદલી થતા ગ્રામ પંચાયત પરિવાર દ્વારા તેમનો વિદાય સમારંભ અને તલાટી રાધિકાબેન પટેલ તથા અંકીતાબેન દેસાઈનો સત્કાર સમારંભ પોગલુ ગ્રામ પંચાયત ખાતે ગ્રામ પંચાયતના મહિલા સરપંચ રમીલાબેન શામળભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો તો આ પ્રસંગે ડેપ્યુટી સરપંચ ભરતભાઈ તેમજ શામળભાઈ પટેલ, મહેશ ભાઈ પટેલ, ડાહ્યાભાઈ મકવાણા સહિત પંચાયતના તમામે-તમામ સભ્યો તેમજ ગ્રામજનો આગેવાનો દ્વારા વિદાય લેતા પ્રજાપતિબેનને વિદાય અને નવા આવેલા તલાટી કમ મંત્રીને આવકાર આપવામા આવ્યો હતો.

# રક્તદાન મહાદાન

# ધનસુરા જવાહર નવોદય વિદ્યાલય ખાતે ધોરણ-૯માં લેટરલ એન્ટ્રી પરીક્ષા માટે ૩૧ ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે

મોડાસા, તા. ૨૭

વર્ષ ૨૦૨૨-૨૩ માં ધોરણ ૯ માં ખાલી પડેલી જગ્યાઓ સામે પ્રવેશ માટેની લેટરલ એન્ટ્રી પરીક્ષા ૨૦૨૨ માટે ઓનલાઈન અરજી અરજી કરી શકાશે.

અરવલ્લી ધનસુરાની જવાહર નવોદય વિદ્યાલય ખાતે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ધોરણ ૯ ખાલી પડેલી જગ્યાઓ સામે પ્રવેશ માટેની લેટરલ એન્ટ્રી પરીક્ષા તારીખ ૦૯ એપ્રિલ ૨૦૨૨ના રોજ યોજાશે.

ચાલુ શૈક્ષણિક સત્ર ૨૦૨૧-૨૨ માં અરવલ્લી જીલ્લાની કોઈપણ સરકારી/સરકારમાન્ય શાળામાંથી ધોરણ ૮ નો અભ્યાસ કરતા હોય તથા ૦૧ મે ૨૦૦૬ અને ૩૦ એપ્રિલ ૨૦૧૦ (બન્ને દિવસો સમાવિષ્ટ) વચ્ચે જ જન્મેલા હોય તેવા ઉમેદવારો આ પ્રવેશ પરીક્ષા આપી શકશે.

આ પ્રવેશ પરીક્ષા અંગેની વિગતવાર માહિતી માટે નવોદય વિદ્યાલય સમિતિની વેબસાઈટ www.navodaya.gov.in અથવા www.nvsadmissionclassnine.in ની મુલાકાત લેવાની રહેશે.

આ પ્રવેશ પરીક્ષા આપવા માટે નવોદય વિદ્યાલય સમિતિની વેબસાઈટ www.navodaya.gov.in અ થ વા www.nvsadmissionclassnine.in ઉપર વિનામૂલ્યે ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા ચાલુ થઈ ગયેલ છે, અને આ પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૧ છે. અન્ય કોઈ માહિતી/માર્ગદર્શન માટે આ વિદ્યાલયનો સંપર્ક કરવો. એમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# પં.દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ સેવા સમર્પણ સપ્તાહ અનુસંધાને આકરુન્દ ખાતે કાર્યક્રમ યોજાયો

ધનસુરા,તા. ૨૭

પંડિત દીનદયાળ ઉપાધ્યાય ની જન્મજયંતિ અને સેવા સમર્પણ સપ્તાહ અનુસંધાને આકરૂન્દ ગ્રામપંચાયત અને આકરૂન્દ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના સંકલનથી ભાજપા તાલુકા સંગઠન ધનસુરા અને જીલ્લા ભાજપા મહિલા મોરચા અરવલ્લી અને ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ વડાગામ દ્વારા આકરૂન્દ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સગર્ભા માતાઓ,તરૂણીઓને ફ્રુટ્સ અને સેનેટરી નેપકીન,બિસ્કીટ અને આર્યન ની ટેબ્લેટ સાથે સફાઈકામદારો ને સમરકોટ નુ વિતરણ કરવામાં આવ્યું હતુ આ કાર્યક્રમ મા આકરૂન્દ જીલ્લા પંચાયત સીટ ના સદસ્ય રબારી કાળીબેન કાળાભાઈ, ગાયત્રી બેન પટેલ ઉપપ્રમુખ બાયડ નગરપાલિકા, જીલ્લા મહિલા મોરચા ના મહામંત્રી પ્રિતિબેન ઠેકડી ,નીરુબેન ચૌહાણ, નીતાબેન પંડ્યા,જીગીષાબેન પટેલ, આકરૂન્દ ગ્રામપંચાયતના સરપંચ શ્રી લલિતાબેન પટેલ, ડેપ્યુટી સરપંચ દિનેશ પટેલ, દોલતસિહ સોલંકી મહામંત્રી ભાજપ ધનસુરા, વિનોદભાઈ પટેલ, નારણપુરા ગ્રામપંચાયત સદસ્ય નરસિંહભાઈ પટેલ બોરડીટીંબાકંપા લત્તાબેન પંચાલ પ્રમુખ ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ તથા મહીલાઓ તરુણીઓ અગ્રણીઓ એ જોડાઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો



કાર્યક્રમનું સફળ સંચાલન આકરૂન્દ ગ્રામપંચાયત ના દિવ્યાંગ ઉપસરપંચ શ્રી દિનેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતુ.

# અહો... આશ્ચર્યમ્ : જિલ્લામાં દારૂના વેપલામાં મહીલાઓની ભાગીદારી વધી

## મહિલા બુટલેગરોને કાઉન્સેલીંગમાં તંત્ર નિષ્ફળ: જિલ્લામાં ૧૦૦થી વધુ મહિલાઓ બુટલેગર બની

બાયડ, તા. ૨૭

દારૂના વેપલાથી ખદબદતા સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં દારૂના વેપારમાં મહિલાઓની ભાગીદારી ચોકાવનારી રીતે વધી છે. કોરોના ગ્રહણ પછી પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ થતા અનેક મહિલાઓ ન છૂટકે દારૂનો વેપલો કરી રહી છે. જિલ્લાના બાયડ - ધનસુરા - મોડાસા - ભિલોડા તાલુકામાં મહિલા બુટલેગરોની સંખ્યા વધી છે. પરંતુ તંત્ર જરૂરી કાઉન્સેલિંગ આપવામાં નિષ્ફળ રહ્યું છે. હાલ જિલ્લામાં ૧૦૦ થી વધુ મહિલાઓ દારૂનો વેપલો પ્રત્યક્ષ - પરોક્ષ રીતે કરી રહ્યાની વિગતો છે. જિલ્લામાં આત્મહત્યાનું પ્રમાણ વધતાં અરવલ્લી પોલીસ વડાએ આત્મહત્યાનું પ્રમાણ ઘટાડવા દરેક પોલીસ સ્ટેશનની હદમાં સેમિનાર યોજયા પરંતુ દારૂનું વેચાણ વધ્યું છે. દારૂના વ્યસનથી અનેક પરિવાર બદબાદ થઈ રહ્યા છે. શરૂના વ્યસનથી અનેક પરિવાર બરબાદ થઈ રહ્યા છે. જયારે ચોકાવનારી વિગત તો એ છે કે મહિલાઓને દારૂના ધંધામાં ઝંપલાવ્યું છે. અનેક મહિલા બુટલેગરોને પોલીસ દ્વારા દેશી-વિદેશી દારૂ સાથે ઝડપી પ્રોહીબીશનના કેસ કર્યા છે. છૂટ્યા પછી ફરી વેપાર શરૂ કરે છે. ત્યારે આવી મહિલા બુટલેગરો આર્થિક રીતે પગભર થઈ દારૂના ધંધાને ત્યજી દે તેવા સરાહનીય પ્રયાસ કરવાનો સમય આવી ગયો છે. કેટલાક બુટલેગર પતિદેવોએ પોતાની તબિયત સારી નથી રહેતી તેથી પત્નીઓને દારૂના વેપારનો કારોબાર સોંપ્યાનું પણ સંભળાઈ રહ્યું છે.

# પ્રાંતિજ સુન્ની પટણી વ્હોરા જમાત દ્વારા કોરોના યોધ્ધાઓનુ કરાયું બહુમાન

પ્રાંતિજ તા.૨૭

કવ્મે બવાહિર સુન્ની મુસ્લિમ પટણી વ્હોરા જમાત- પ્રાંતિજ દ્વારા ગતરાત્રે ૧૮ કોરોના યોધ્ધાઓનો સન્માન સમારંભ તથા જમાતની જનરલ સભા યોજાઈ હતી જેમા સન્માનિત તબીબો તથા પેરા મેડિકલ સ્ટાફ સાથે મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા

અત્રેના સુન્ની પટણી વ્હોરા જમાતખાના ખાતે વ્હોરા જમાતના પ્રમુખ હાજી અબ્દુલાભાઈ કારકુનની પ્રેરક ઉપસ્થિતિમાં સુઆયોજીત સન્માન સમારંભ યોજાયો હતો જેમાં કોરોના કાળમાં સૌની ચિંતા સેવી વ્હોરા જમાત દ્વારા કોરોના નિવારણ કેમ્પ યોજયો હતો.જેમા સેવા આપનાર તબીબો તથા પેરા મેડિકલ સ્ટાફને મોમેન્ટો





તથા કોરોના વોરિયર્સ તરીકેની સેવાઓને બિરદાવતુ સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા હાફિઝ જાકીરહુસેન ભુરાવાલાની તિલાવતે કુરઆનથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ત્યારબાદ જમાતના ખજાનચી મો.ખાલીદ કારકુને સ્વાગત પ્રવચન કર્યુ હતું.સૌ સન્માનિત મહેમાનોને પુષ્પગુચ્છ આપી કારોબારી સભ્યો નજીરએહમદ દલાલ તથા તાહીરહુશેન મારફતિયાએ સ્વાગત કર્યું હતું આ સમારંભમાં કોરોના વોરિયર્સ ડો. શાહીદરઝા સુરતી, ડો. મો.અસલમ કારભારી, ડો. સંકેત પટેલ, ડો.અરબાઝ ઝાંઝવાના તથા પેરામેડિકલ સ્ટાફના ભાઈ-બહેનોનું વ્હોરા જમાતના વર્તમાન તથા ભૂતપૂર્વ કારોબારી સભ્યોના હસ્તે બહુમાન કરી બિરદાવવામાં આવ્યા હતા હાજરજનોને સંબોધતાં ડો. સુરતીએ કોરોનાકાળની મુશ્કેલીઓનો ચિતાર રજુ કર્યો હતો હવે , સૌએ સુરક્ષિત અને સ્વસ્થ રહેવા કોવિડની રસીના બે ડોઝ અચૂક લઈ લેવા અનુરોધ કર્યો હતો સમગ્ર કાર્યક્રમમાં એનાઉન્સર તરીકે અફઝલભાઈ દાણાવાલાએ સેવાઓ આપી હતી જયારે સમારંભને સફળ બનાવવા જમાતની સમગ્ર કારોબારી ખડેપગે રહી હતી .

# તલોદમાં દરજીના મકાનમાં તસ્કરોનો હાથફેરો

## સોના ચાંદીના દાગીના સહિત રૂ.૧.૫૫ લાખની તસ્કરી

બાયડ ( બ્યુરો ઓફીસ) તા. ૨૭

તલોદમાં ધામા નાંખીને બેઠેલા તસ્કરો શિવમ્ પાર્ક સોસાયટીમાં ત્રાટકી નટવર ભાઈ ભગવાન દાસ દરજીના બંધ મકાનમાંથી રૂ.૧,૫૫,૦૦૦ ની મત્તા ઉસેડી ફરાર થઈ ગયા છે.બનાવ અંગે તલોદ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ નું નાઈટ પેટ્રોલીંગ માત્ર કાગળ ઉપર ચાલી રહ્યું છે.જેના કારણે તસ્કરોને મોકળુ મેદાન મળી જતાં રોજ ચોરીના બનાવ બહાર આવતા હોય છે. તલોદ ની શિવમ્ પાર્ક સોસાયટી માં રહેતા અને દરજીકામ કરતાં નટવર ભાઈ અને તેમનો પરિવાર કોઈ કામ માટે ઘરને તાળું મારી બહારગામ ગયો હતો જે સમયે તસ્કરોએ ઘરને નિશાન બનાવ્યું હતું.તાળું તોડી અંદર પ્રવેશેલા તસ્કરો ના હાથમાં સોના ચાંદીના દાગીના આવી જતાં ઉસેડી તસ્કરો ફરાર થઈ ગયા હતા.ચોરીના બનાવની જાણ પરિવારને બીજા દિવસે થતાં તલોદ પોલીસમાં ફરિયાદ આપી છે.